સુમુલના ચેરમેન માનસિંહ પટેલને ભાજપે કાપી નાંખ્યા

માજી વાઇસ ચેરમેન રીતેશ વસાવા અને સૂ.ડી. કો બેંકના માજી પ્રમુખ નરેશ પટેલ પણ કપાયા, માજી મંત્રી ખાસ દાવેદાર બ્રિજેશ પટેલને બદલે માજી ધારાસભ્ય ધનસુખ પટેલની પસંદગી

સુરત, બારડોલીઃ 15મીએ યોજાનારી સુમુલની ચૂંટણી માટે ભાજપે તમામ 16 સત્તાવાર ઉમેદવાર મેન્ડેટથી મોડી રાતે જાહેર કર્યા છે.આ 16 ઉમેદવારોની યાદીમાં ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ અને સુમુલના અગાઉ ચેરમેન અને તત્કાલીન વાઈસ ચેરમેન રાજુ પાઠક સહિત 7 વર્તમાન ડિરેક્ટરને રીપીટ કરવામાં આવ્યા છે.જ્યારે મહુવા બેઠક પર પાર્ટીના મેન્ડેટ માટે દાવેદારી કરનાર માનસિંહ પટેલને ભાજપે મેન્ડેટ નહીં આપી ચોંકાવી દીધા છે.

કોંગ્રેસ અને સ્વતંત્ર ઉમેદવારોએ 6 બેઠક પર ઉમેદવારી નોંધાવી

કોંગ્રેસમાંથી સુનિલ ગામિત નિઝર માજી ધારાસભ્ય, સિદ્ધાર્થ અમરસિંહ ચૌધરી ડોલવણ, ભરત સુદામ પટેલ ઉચ્છલ એમ ત્રણે સીટિંગ ડિરેક્ટરોએ વાજતે ગાજતે પોતાના સમર્થકો સાથે ફોર્મ ભરી દીધું છે. ગત ચૂંટણીમાં ટાઇ થયા પછી ચિઠ્ઠીના વોટમાં હારેલા અરવિંદ ગામીતે સોનગઢ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવારે ઝંપલાવ્યું છે. ઓલપાડ બેઠક પરથી વસંત પટેલે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું છે.

સુમુલ ડેરીમાં રાજુ પાઠક સામે 1000 કરોડના પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારનો આરોપ મૂકતો વડાપ્રધાનને પત્ર લખનાર માજી ચેરમેન માનસિંહ પટેલને મેન્ડેટ આપવામાં આવ્યો નથી. વર્તમાન ડિરેક્ટર અને સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના માજી ચેરમેન નરેશ ભીખાભાઈ પટેલ (બુટવાડા વાલોડ) અને માજી વાઈસ ચેરમેન રીતેશ વસાવાને મેન્ડેટ ન આપી ટાઢા પાણી એ ખાસ કાઢવામાં આવી છે. માજી મંત્રીના ખાસ ગણાતા દાવેદાર બ્રિજેશ પટેલને બદલે માજી ધારાસભ્ય ધનસુખ પટેલની પસંદગી કરી ભાજપે નવા જૂની સંકેત આપ્યા છે.

ભાજપના 16 ઉમેદવારની યાદી

ક્રમ	ઉમેદવાર
(1)	ધનસુખ નાથુભાઈ પટેલ
(2)	સંદીપ જયંતિલાલ દેસાઈ
(3)	ભરતસિંહ ગુમાનસિંહ સોલંકી
(4)	બળવંત મોરારભાઈ પટેલ
(5)	રૈસા વસાભાઈ ચૌધરી
(6)	જિગર દિનકરભાઈ નાયક
(7)	રાજેશ કાંતિલાલ પાઠક
(8)	અમિષ મણીલાલ વસાવા
(9)	અજિત જગુભાઈ પટેલ
(10)	જાલમસીંગ નાથીયા વસાવા
(11)	યોગેશ ચુનીલાલ રાજપુત
(12)	સંજય બબનભાઈ સૂર્યવંશી
(13)	હસમુખ ગોવિંદ ગામીત
(14)	કાંતિ રેશ્માભાઈ ગામીત
(15)	રાજકુમાર ઇશ્વર આહીર
(16)	શૈલેષભાઈ વીરસિંગ પટેલ

ફાયરિંગ કરનાર કોન્સ્ટેબલ ભુવનેશ્વરથી ઝડપાઈ ગયો

રાજસ્થાન પોલીસમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો

સુરતઃ સારોલી પોલીસ મથકની હદમાં વર્ષ ૨૦૨૪માં મહિલા મિત્ર સાથે ફોન પર વાતચીત કરવા જેવી નજીવી બાબતે ફરિયાદી પર દેશી તમંચા વડે એક રાઉન્ડ ફાયરિંગ કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.આ ગુનામાં છેલ્લાં ત્રણ વર્ષથી નાસતા-ફરતા રાજસ્થાનના સસ્પેન્ડેડ પોલીસ કર્મીને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઓડિશાના ભુવનેશ્વર ખાતેથી ઝડપી પાડ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી પ્રાથમિક વિગતો મુજબ, આ હુમલા પાછળ કોઈ જૂની અદાવત નહીં પરંતુ એક સામાન્ય બાબતનો ઝઘડો જવાબદાર હતો. ફરિયાદી દ્વારા એક મહિલા મિત્ર સાથે ફોન પર વાતચીત કરવામાં આવતી હતી, જે બાબત આરોપી દેવાંશુસિંહ ઉર્ફે દેવ શ્યામસિંહ સોલંકી, જોગારામ ઉર્ફે જોગા મદનલાલ ગર્ગ અને સુરેશ છાબાને પસંદ નહોતી. આ તકરાર વકરતા તમામ આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદીને પાઠ ભણાવવાનું ગુનાહિત કાવતરૂં ઘડ્યું હતું. આરોપીઓએ સારોલી પોલીસે સ્ટેશન હદ વિસ્તારમાં ફરિયાદીને રસ્તામાં આંતરી પ્રથમ લાકડાના ફટકા અને ડંડા વડે બેરહેમીથી માર માર્યો હતો અને ત્યારબાદ સહ-આરોપીએ દેશી તમંચામાંથી ફરિયાદી પર એક રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું. સદનસીબે આ જીવલેણ હુમલામાં ફરિયાદીનો બચાવ થયો હતો.

આ ઘટના બાદ સારોલી પોલીસ મથકમાં હત્યાની કોશિશ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં અદાલત દ્વારા આરોપી સુરેશ હરિરામ છાબા વિરુદ્ધ Cr.P.C.ની કલમ 70 મુજબનું પકડવાનું બિનજામીનપાત્ર ફરારી વોરંટ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ આજથી

865 ડ્રોપઆઉટ બાળકોને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાશે

સુરત જિલ્લાની 1553 શાળામાં 32 હજારથી વધુ બાળકોનું થશે ભવ્ય સ્વાગત

સુરતઃ શિક્ષણથી વંચિત રહેતા બાળકોને ફરીથી શાળાના મુખ્ય પ્રવાહ સાથે જોડવા, ડ્રોપઆઉટ રેસિયો ઘટાડવા અને કન્યા શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા આગામી 23થી 25 જૂન દરમિયાન સમગ્ર રાજ્યમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં પણ ત્રણ દિવસીય વિશેષ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે, જેમાં કુલ 32 હજારથી વધુ બાળકોને પ્રવેશ અપાશે. સાથે જ ડ્રોપઆઉટ કરી ગયેલા 865 બાળકને ફરી શિક્ષણ સાથે જોડાશે.

જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગના સંયુક્ત આયોજન હેઠળ યોજનારા આ કાર્યક્રમમાં મંત્રી ડો. જયરામભાઈ ગામીત અને અગ્ર સચિવ અશ્વિનીકુમાર, કલેક્ટર, ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહી બાળકોને શાળામાં પ્રવેશ અપાવશે. પ્રવેશોત્સવનો પ્રારંભ દરરોજ સવારે 8 વાગ્યાથી કરવામાં આવશે. સુરત જિલ્લાના બારડોલી, ચોર્યાસી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોળ, ઓલપાડ, પલસાણા અને ઉમરપાડા તાલુકાની કુલ 1553 શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાશે. જેમાં 1175 પ્રાથમિક અને 378 માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો સમાવેશ થાય છે. આ વર્ષે કુલ 32,928 બાળકને આંગણવાડી, બાળવાટિકા, ધોરણ-1, ધોરણ-9 અને ધોરણ-11માં પ્રવેશ અપાશે. જેમાં 2,411 બાળક આંગણવાડીમાં, 8,403 બાળક બાળવાટિકામાં, 745 બાળક ધોરણ-1માં પ્રવેશ મેળવશે. ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ધોરણ-9ના 13,601 અને ધોરણ-11ના 7,768 વિદ્યાર્થીનો પણ પ્રવેશોત્સવમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

કન્યા શિક્ષણને મળશે વધુ વેગ

કન્યા કેળવણી મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ બાળિકાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. રાજ્ય સરકાર દ્વારા દીકરીઓના શિક્ષણમાં કોઈ અવરોધ ન આવે અને તેઓ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચે તે માટે વિવિધ યોજનાઓ અને અભિયાનો અમલમાં મૂકવામાં આવી રહ્યા છે.

ચોર્યાસી-ઓલપાડના ખેડૂતોને ટેન્શન, ૯૦ દિવસ પાણી બંધ

આગામી નવેમ્બરથી જાન્યુઆરી સુધી કાકરાપારની ડાબા અને જમણા કાંઠાની કેનાલમાં પાણી બંધ રહેશે

સુરત, સાયણઃ આગામી નવેમ્બર-૨૦૨૬ જાન્યુઆરી-૨૦૨૭ દરમિયાન કાકરાપાર સિંચાઈ વિભાગની ડાબા અને જમણા કાંઠાની કેનાલમાં ૯૦ દિવસ સુધી પાણી બંધ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આ મામલે મળેલી બેઠકમાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ખેડૂતોને જણાવ્યું હતું કે, ગત વર્ષે ૪૫ દિવસ બંધ કરી નહેરના રિપેરિંગ બાદ ૨૩૫૦ ક્યુસેક પાણીની કેપેસિટીમાં વધારો કરી કેનાલમાં હાલ ૩૩૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પરંતુ જ્યારથી ઉકાઈ અને કાકરાપાર ડેમ બન્યો, ત્યારે જે-તે સમયે બનેલ પાણી વહેણના સાઈફનો અને એક્વાડકમાં હાલ વૃક્ષો ઊગી જવા સાથે ખૂબ જ જર્જરિત થઇ ગયેલા હોવાથી તેને વધુ કેપેસિટી પાણી છોડાય તેવા નવા બનાવવાની જરૂર છે. જો આ કામ કરવામાં ન આવે તો તૂટી જવાની સંભાવના વચ્ચે કેનાલમાં છ મહિના સુધી પાણી બંધ રહે તેવી શક્યતાઓ રહેલી છે. જેથી કેનાલમાં ૪૦૦૦ ક્યુસેક પાણીનો વધારો કરવા નહેરમાં ઓછામાં ઓછી ૯૦ દિવસ સુધી બંધ રાખવી પડે તેમ છે. ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ખેડૂતો અને પિયત મંડળીનાં પદાધિકારીઓને વધુમાં કહ્યું કે, આ સમય દરમ્યાન સિંચાઈ કેનાલનાં બાકી રિપેરિંગ કામો સાથે ખેડૂતોના ખેતર સુધીની સબ માઈનોરના જે કામો બાકી છે, તે કામો પણ કરવાના હોવાથી આ કામો અત્યારથી જ સિંચાઈ તંત્રને આપી દેવા અપીલ કરી હતી. જેથી આ કામોની મંજૂરી સરકારમાંથી લઈ શકાય. તેમણે વધુમાં કહ્યું કે, હાલમાં વરસાદ ખેંચાતાં કાંઠા વિસ્તારના ખેડૂતોના ડાંગરના ધરૂ અને શાકભાજી તથા અન્ય ખેડૂતોનાં શેરડી સહિત અન્ય પાકને સિંચાઈ પાણી મળી રહે એ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રવિવારે જાહેરાત કરી છે કે, વરસાદ ખેંચાતાં ૮ કલાક વીજળીના બદલે ૧૦ કલાક વીજળી અપાશે.

જિલ્લા સ્વાગતમાં લોકોની ફરિયાદોને પ્રાથમિકતા

કલેક્ટર તેજસ પરમાર 14માંથી 11 પ્રશ્નનો સ્થળ પર જ ઉકેલ લાવ્યા

ગેરકાયદે દબાણથી લઈને પ્રોપર્ટી કાર્ડ સુધીના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ, અધિકારીઓને સમયમર્યાદામાં કાર્યવાહીનો આદેશ

સુરતઃ રાજ્ય સરકારના ફ્લેગશિપ કાર્યક્રમ 'સ્વાગત'અંતર્ગત સુરત જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં કુલ 14 અરજદારની ફરિયાદો અને રજૂઆતો કલેક્ટર સમક્ષ રજૂ થઈ હતી. જેમાંથી 11 જેટલા પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ લાવવામાં સફળતા મળી હતી. પ્રોપર્ટી કાર્ડ, સિંચાઈની સમસ્યા, ગેરકાયદેસર દબાણ, જમીન સંપાદન સહિતના મહત્વના મુદ્દાઓનો ઉકેલ આવતા અરજદારોમાં સંતોષની લાગણી જોવા મળી હતી. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોને તેમની ફરિયાદો સીધી જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી હતી. ગેરકાયદેસર બાંધકામ, પાર્કિંગના દબાણ, ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલ, પ્રોપર્ટી કાર્ડ, જમીન સંપાદન, RTE હેઠળ પ્રવેશ તેમજ NOC સંબંધિત પ્રશ્નો મુખ્યત્વે ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. કલેક્ટર તેજસ પરમારે સંબંધિત વિભાગોના અધિકારીઓ પાસેથી દરેક કેસની વિગતવાર માહિતી મેળવી હતી અને જે પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ શક્ય હતો તેનો સ્થળ પર જ નિર્ણય લીધો હતો.

'સ્વાગત' કાર્યક્રમ વહીવટી પારદર્શિતાનું અસરકારક માધ્યમ: કલેક્ટર

કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે 'સ્વાગત'કાર્યક્રમ માત્ર ફરિયાદો સાંભળવાનો મંચ નથી, પરંતુ નાગરિકોને ન્યાય અપાવવા અને સરકારી તંત્રને વધુ જવાબદાર તથા પારદર્શક બનાવવાનું અસરકારક માધ્યમ છે.

સાંધા અને સ્નાયુની સારવાર ટેબ ક્લિનિકમાં જ શક્ય છે

સુરત : સાંધાના ઘસારા, જાણકારની તકલીફો, સ્નાયુઓના દુઃખાવા અને જકડનથી જેની જીંદગી દુખમાં ફેરવાઈ ગઈ હોય તેના માટે હમેંશા માટે પૂર્ણરૂપથી છુટકારો મેળવવાનો સચોટ અને વિશ્વસનીય ઉપચાર એટલે ટેબ ક્લિનીક્સની 100% શુધ્ધ આયુર્વેદીક ચિકિત્સા ફક્તને ફક્ત ટેબ ક્લિનિકમાં જ શક્ય છે.

સુરતમાં છેલ્લા 26વર્ષથી કાર્યરત દરેક પ્રકારના સાંધા તેમજ સ્નાયુઓના દુઃખાવાઓને જડમૂળમાંથી મટાડનારી ટેબ ટ્રીટમેન્ટ ક્લિનીક્સની ચિકિત્સા છે.

સંસ્થા ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક પૂનામાં પણ છે આ સંસ્થામાં જેટલા પણ દર્દી આવે છે તે સારા થઈને જ બહાર નીકળે છે. જેમને વર્ષોથી દુખાવાની સમસ્યા હોય તેમણે અહીંની મુલાકાત એક વખત અવશ્ય લેવી જોઈએ કારણ અહીં 100 ટકા શુદ્ધ ટ્રીટમેન્ટ થતી હોવાથી આડઅસર પણ થતી નથી.

આ ક્લિનિકની ખાસિયત એ છે કે અહીં દરેક જગ્યાએથી નિરાશ થઈને આવેલા દર્દીઓ પર વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. ખાસ કરીને કરોડરજ્જુના દુખાવા અને આર્થરાઈટિસમાં તો દરેક દર્દીને ઉત્તમ પરિણામ આપવામાં આવે છે.

દાનહ, દમણ, દીવ અને લક્ષ્યદ્વિપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલનાં પત્નીનું નિધન

દમણઃ સંઘપ્રદેશ દાનહ, દમણ, દીવ અને લક્ષ્યદ્વિપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલનાં ધર્મપત્ની ભાવનાબેન પ્રફુલભાઈ પટેલનું સોમવારના રોજ અવસાન થવા પામ્યું છે. છેલ્લા એક અઠવાડિયાથી બિમાર હોવાથી મુંબઈની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ભાવનાબેને આજે હોસ્પિટલના બિછાને અંતિમ શ્વાસ લીધા હતાં. ભાવનાબેનના પાર્થિવ દેહને મુંબઈથી હિંમતનગર તેમના નિવાસ સ્થાને લાવવામાં આવ્યો હતો. જ્યાં સોમવારના રોજ સાંજે 4:30 કલાકે તેમની અંતિમયાત્રા તેમના નિવાસ સ્થાનેથી નીકળી હતી. ભાવનાબેનના અચાનક થયેલા નિધનને પગલે પ્રશાસક પ્રફુલભાઈ પટેલના પરિવારના સભ્યો, નજીકના સગાસંબંધીઓ, મિત્રવર્તુળો અને રાજકીય વર્તુળોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ દુઃખના પ્રસંગે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ એક્સ પર ટ્વીટ મારફતે ભાવનાબેનના નિધનને લઈ શોક વ્યક્ત કર્યો હતો.

પૂર્વ અગ્નિવીરોને ભરતીમાં 20 ટકા અનામત મળશે

ભરતી પ્રક્રિયામાં શારીરિક ક્ષમતા કસોટીમાંથી મુક્તિ અને નિયત ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ પણ અપાશે

ગાંધીનગરઃ રાજ્યના પૂર્વ અગ્નિવીરોને સરકારી નોકરીમાં વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય અનુસાર રાજ્ય પોલીસ દળ, એસઆરપી, જેલ વિભાગ તેમજ વન વિભાગની વર્ગ-3 સંવર્ગોની સીધી ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને 20 ટકા અનામત આપવામાં આવશે. મુખ્યમંત્રીએ પૂર્વ અગ્નિવીરોને ભરતી માટેની શારીરિક કસોટીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. સાથે જ વિવિધ ભરતીમાં નિર્ધારિત ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષ સુધીની છૂટ આપવામાં આવશે. અગ્નિવીર યોજનાની પ્રથમ બેચના સભ્યોને વિશેષ રાહતરૂપે પાંચ વર્ષ સુધીની વયમર્યાદા છૂટછાટ આપવાના પણ દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના આ નિર્ણયનો લાભ હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, એસઆરપીના પ્લાટૂન કમાન્ડર અને પોલીસ કોન્સ્ટેબલ જેવી પોસ્ટની ભરતીમાં મળશે. આ ઉપરાંત જેલ વિભાગ હેઠળની જેલર ગ્રુપ-2 અને જેલ સિપાઈની ભરતી તેમજ વન અને પર્યાવરણ વિભાગના વનરક્ષક વર્ગ-3 અને વનપાલ વર્ગ-3 સંવર્ગોની સીધી ભરતીમાં પણ પૂર્વ અગ્નિવીરોને અનામત અને અન્ય રાહતોનો લાભ આપવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયને અગ્નિવીર યોજના પૂર્ણ કરનારા યુવાનો માટે મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી અગ્નિવીર યોજનાના યુવાનોને સેવાનિવૃત્તિ બાદ રોજગારની વધુ તકો ઉપલબ્ધ થાય અને તેમની તાલીમ તથા અનુભવનો ઉપયોગ રાજ્યની સુરક્ષા અને વહીવટી વ્યવસ્થામાં થઈ શકે તે હેતુથી આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે.

હવેથી રેલવેમાં વગર ટિકિટે પકડાશો તો રૂ.500નો દંડ

જન વિશ્વાસ અધિનિયમ અંતર્ગત નિયમોમાં મોટો ફેરફાર

મહિલા કોચમાં ઘૂસણખોરી, ધૂમ્રપાન અને ગંદકી કરવા પર પણ દંડની રકમમાં તોતિંગ વધારો

સુરતઃ ભારતીય રેલવે દ્વારા વગર ટિકિટે અને અનિયમિત મુસાફરી કરનારા તત્ત્વો પર લગામ કસવા માટે દંડની રકમમાં મોટો વધારો કરવામાં આવ્યો છે.

રેલ મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવેલા નવા કાયદા મુજબ, હવે વગર ટિકિટે મુસાફરી કરતાં પકડાનાર મુસાફરે ઓછામાં ઓછો 500નો દંડ ચૂકવવો પડશે. આ નવો નિયમ 20 જૂન 2026થી અમલી બની ચૂક્યો છે અને સુરત તેમજ ઉધના રેલવે સ્ટેશન સહિત દેશભરમાં તેનો કડક અમલ શરૂ કરી દેવાયો છે.

કયા ગુના હેઠળ કેટલો દંડ?

ગુનાનો પ્રકાર (રેલવે ધારા)	નવો દંડ / જોગવાઈ
વગર ટિકિટે અથવા અયોગ્ય ટિકિટ પર મુસાફરી (ધારા 137)	500
બીજાની ટિકિટ પર મુસાફરી (ધારા 142) ટિકિટ જપ્ત	500
રેલવે પરિસરમાં ફેરિયાગીરી કે ભીખ માગવી (ધારા 144)	2000
નશામાં ધિંગાણું, ગાળાગાળી કે થૂંકવું (ગંદકી કરવી) (ધારા 145)	1000
બીજી વાર ધિંગાણુ કે ગંદકી કરતા પકડાય તો	5000
રેલવે ટ્રેક કે પ્રતિબંધિત વિસ્તારમાં અનધિકૃત પ્રવેશ (ધારા 147)	500
રેલવે પરિસરમાં કે ટ્રેનમાં ધૂમ્રપાન કરવું (ધારા 155)	2000
મહિલા કોચ અથવા રિઝર્વ સીટ પર ગેરકાયદે પુરુષ મુસાફર	2500
વાંધાજનક કે જોખમી સામાન સાથે મુસાફરી (ધારા 165)	10000 સુધી
રેલવે સંચાલનમાં અવરોધ ઊભો કરવો	પ્રથમ વખત 2000, બીજીવાર 5000

રેલવે બોર્ડના નિર્દેશો અનુસાર, 'જન વિશ્વાસ અધિનિયમ, 2026' અંતર્ગત રેલવે એક્ટ, 1989ની વિવિધ ધારાઓમાં મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા છે. રેલવે પ્રશાસનનું માનવું છે કે દંડની રકમ વધારવાથી વગર ટિકિટે થતી મુસાફરી, અનધિકૃત પ્રવેશ, ધૂમ્રપાન, મહિલા કોચમાં પુરુષોનો ગેરકાયદે પ્રવેશ અને અન્ય નિયમોના ઉલ્લંઘન પર અસરકારક નિયંત્રણ લાવી શકાશે.

રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોમાં શિસ્ત વધારવાનો, રેલવેની સંપત્તિ અને આવકનું રક્ષણ કરવાનો તેમજ સ્ટેશનો પર સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો છે.

હવેથી સુરત અને ઉધના સ્ટેશનથી મુસાફરી કરનારાઓએ આ નિયમોનું ખાસ પાલન કરવું પડશે, અન્યથા ભારે આર્થિક દંડ ભોગવવો પડી શકે છે.

કવાસમાં ડીઝલના ટેન્કરમાં વેલ્ડિંગ વખતે બ્લાસ્ટ થતાં યુવકનું મોત, ડ્રાઈવરનો બચાવ

સુરતઃ કવાસમાં ડીઝલના ટેન્કરમાં વેલ્ડિંગ કરતી વખતે બ્લાસ્ટ થતાં યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે ટેન્કરના ડ્રાઈવરનો ચમત્કારિક બચાવ થયો હતો.નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળેલી માહિતી મુજબ, મૂળ બિહાર છપરાના વતની દિલીપ ઉર્ફે ગજાધર રાજેન્દ્ર શર્મા (ઉં.વ.42) હાલમાં ઈચ્છાપોર કવાસ પાટિયા ખાતે આવેલ HPCL ડેપોની પાસે એ.કે વેલ્ડિંગ વર્કસ નામના ટેન્કરના ગેરેજમાં રહેતો હતો. તે ગેરેજમાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે સાંજે દિલીપ ડીઝલના ટેન્કરના અંદરના ભાગમાં ઘૂસીને વેલ્ડિંગ કરી રહ્યો હતો. ત્યારે ટેન્કરનો ડ્રાઈવર ઉપર બેસેલો હતો. આ દરમિયાન કામ કરતી વખતે અચાનક બ્લાસ્ટ થયો હતો. જેમાં દિલીપ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ટેન્કરના ડ્રાઈવરનો બચાવ થયો હતો. ઈચ્છાપોર પોલીસે અકસ્માત મોતની નોંધ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં 74 નાયબ મામલતદાર અને 26 ક્લાર્કની બદલી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં નવા કલેક્ટર તેજશ પરમારનો મહત્ત્વપૂર્ણ વહીવટી નિર્ણય

સુરતઃ સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ જિલ્લા વહીવટીતંત્રમાં મોટા પાયે બદલીના હુકમો કરવામાં આવ્યા છે. નવા જિલ્લા કલેક્ટર તેજશ પરમારે આજે નાયબ મામલતદારો અને ક્લાર્કની બદલીના આદેશો જાહેર કર્યા હતા.

મળતી માહિતી મુજબ કુલ 74 નાયબ મામલતદારોની બદલી કરવામાં આવી છે. ઉપરાંત 26 ક્લાર્કના પણ બદલીના હુકમો કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના આયોજન અને વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અગાઉ સુરત જિલ્લા કલેક્ટર દ્વારા નાયબ મામલતદારો અને ક્લાર્કોની બદલી કરવામાં આવી હતી. હવે ચૂંટણીઓની પ્રક્રિયા પૂર્ણ થતાં નવા કલેક્ટર તેજશ પરમારે વહીવટી વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા અને કામગીરીમાં કાર્યક્ષમતા લાવવા માટે ફરી એકવાર મોટા પાયે બદલીના આદેશો કર્યા છે. આ નિર્ણયથી જિલ્લા વહીવટી તંત્રમાં નવી જવાબદારીઓ અને કાર્યક્ષેત્રોની વહેંચણી થશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

છોકરીના પપ્પા...

અભયની હાલત નાજૂક છે.

સરથાણા પોલીસ ઇન્સ્પેક્ટર ડી.કે પટેલે જણાવ્યું હતું કે, અભયે પગલું ભરતા પહેલા તેના ભાઈને મેસેજ કર્યો હતો કે, છોકરીના પપ્પા લગ્નની તારીખ આપતા નથી એટલે અમે બંને મળી જઈએ છીએ જેમાં કોઈની પણ જવાબદારી નથી.

સુરતમાં સૌથી...

અને રાંદેરમાં પણ મેઘરાજાએ પોતાની બેટિંગ શરૂ કરી દીધી હતી. બીજી તરફ ડુમસ, નાનપુરા, હીરા ઉદ્યોગનું હબ ગણાતા વરાછા, કતારગામ અને છેવાડાના સચિન સહિતના વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ પડ્યો છે. સવારના પિક-અવર્સમાં જ તેનું આગમન થતાં લોકોની દિનચર્યા પર માઠી અસર પહોંચી હતી. આ અણધાર્યા અને ધોધમાર વરસાદને કારણે સુરતના અનેક નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ હતી. સવારનો સમય હોવાથી નોકરી-ધંધે જતા લોકો, ફેક્ટરી અને ડાયમંડ યુનિટમાં જતા રત્નકલાકારો તેમજ શાળા-કોલેજ જતાં વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પાણી ભરાવાના કારણે અનેક જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ટુ-વ્હીલર ચાલકોને વરસાદથી બચવા માટે બ્રિજ નીચે કે દુકાનોના શેડ અને ફલાય ઓવરબ્રિજ નીચે આશરો લેવાની ફરજ પડી હતી.

પાંડેસરામાં ખાડામાં...

મુસાફરોને ઇજા પહોંચી હતી બસના ડ્રાઈવર બાબુ મંગા મનખડે (ઉ.વ.58), રહેવાસી મહાદેવનગર, ડિંડોલી અને વૃદ્ધ મુસાફર બુદ્ધસેન રામસારૂ સોની (ઉ.વ.65), રહેવાસી પ્રમુખ પાર્ક સોસાયટી, વડોદને વધુ ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ થોડા દિવસો અગાઉ આ વિસ્તારમાં હાઈડ્રોલિક (પાણીની) લાઈનના સમારકામ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જોકે ત્યારબાદ યોગ્ય પુરાણ અને વોટરિંગની કામગીરી ન થતાં જમીન નબળી પડી ગઈ હતી. દરમિયાન રવિવારે પડેલા વરસાદને કારણે માટી ધસી પડતાં રસ્તા પર મોટો ભૂવો સર્જાયો હતો. વરસાદી પાણી ભરાઈ જતાં ખાડો સ્પષ્ટ દેખાતો ન હોવાથી બસ ચાલકનું ધ્યાન ન રહેતાં બસ સીધી ખાડામાં ઉતરી ગઈ હતી. કાચ મારફતે મુસાફરોને સલામત બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. અકસ્માતની તીવ્રતા એટલી હતી કે બસનો આગળનો કાચ પણ તૂટી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ઉધના ઝોનની ટીમ અને હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ખાડાનું સમારકામ અને રસ્તો પુનઃ કાર્યરત કરવા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ઘટનાએ થોડા દિવસ અગાઉ ડિંડોલીના માનસી રેસિડેન્સી નજીક બનેલી ઘટનાની યાદ તાજી કરી દીધી છે, જ્યાં ડ્રેનેજ કામગીરી બાદ રસ્તો બેસી જતાં ડમ્પર ફસાઈ ગયું હતું. તે સમયે પણ રસ્તાની ગુણવત્તા અને કામગીરી બાદ યોગ્ય દેખરેખ ન રાખવાના આક્ષેપો ઉઠ્યા હતા.

પાલ-ઉમરા બ્રિજ...

થઈ નહોતી. પરિણામે સુરત મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી તેમજ વિવિધ વિભાગો દ્વારા કરાયેલા ખોદકામ બાદના સમારકામની ગુણવત્તા અંગે ફરી પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે ડ્રેનેજ અને હાઈડ્રોલિક લાઈનોના કામ બાદ કોન્ટ્રાક્ટરો દ્વારા યોગ્ય પુરાણ અને મજબૂતીકરણ ન કરાતા આવા અકસ્માતો સર્જાઈ રહ્યા છે, જે ભવિષ્યમાં વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.

પત્ની અન્ય...

તેની ફરિયાદમાં જણાવ્યું છે કે, લગ્નજીવનના શરૂઆતના થોડા સમય બાદ પતિ ક્રિષ્ણાએ નાની બાબતોમાં ઝઘડા શરૂ કર્યા હતા. ગાળો આપી પત્ની તેમજ માસૂમ દીકરીને ઢોરમાર મારી ઘરની બહાર કાઢી મૂક્યા હતા.

વિકૃત પતિએ પત્નીને બદનામ કરવાના બદઈરાદાથી અન્ય અજાણી વ્યક્તિઓના અશ્લીલ ફિલ્મોના સ્ક્રીનશોટ લીધા હતા. તેમાં ચહેરા બ્લર કરી, પોતાની પત્નીના અસલી ફોટા જોડી દીધા હતા.

આ ફોટા અને વીડિયો પત્નીના જ છે અને તે અન્ય વ્યક્તિ સાથે કામક્રીડા કરે છે તેવું દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. સ્ત્રી જાતિને ન શોભે અને સમાજમાં બદનામી થાય તેવા અશ્લીલ શબ્દો વાળી રીલ્સ બનાવી પતિએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ "Krishna^raula-143" પર સ્ટેટસમાં રાખી વાયરલ કરી હતી. આ ઉપરાંત, પતિ-પત્નીના અંગત ફોટા સાથે પણ અશ્લીલ શબ્દોવાળી રીલ્સ વાયરલ કરવામાં આવી હતી.

મહિલાઓ માટે...

ચલાવતી મહિલાઓ અને યુવતીઓ માટે બજારમાં ફેશનેબલ 'સ્કર્ટ ટોપ રેઈનકોટ' લોન્ચ કરવામાં આવ્યા છે. આ રેઈનકોટ ટ્રેન્ડી લુક આપવાની સાથે કમ્ફર્ટેબલ હોવાથી મહિલાઓમાં તેની ભારે માંગ જોવા મળી રહી છે. ટૂંકમાં, આ ચોમાસે બજારમાં મોંઘવારીની સાથે-સાથે અવનવી ફેશન અને વિરાટકાય કદનો અદભુત સંગમ જોવા મળી રહ્યો છે.

સુરત શહેર જિલ્લામાં...

જિલ્લામાં પ્રિમોન્સૂન એક્ટિવિટી સક્રિય બનતાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમને અનુકૂળ વાતાવરણ તૈયાર થઈ રહ્યું છે. જેના કારણે ચોમાસું હાલમાં છત્તીસગઢ સુધી પહોંચી ગયું છે અને આગામી ત્રણથી ચાર દિવસમાં ગુજરાતમાં પ્રવેશ કરવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ રાજ્યમાં પ્રિમોન્સૂન વરસાદી ગતિવિધિઓ ચાલુ રહેશે અને ત્યારબાદ સત્તાવાર રીતે ચોમાસાનું આગમન થવાની સંભાવના છે. સુરત શહેર અને જિલ્લાના અનેક વિસ્તારોમાં સોમવારે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ અને વરસાદી માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી વચ્ચે વરસાદના કારણે લોકોને ક્ષણિક રાહતનો અનુભવ થયો હતો. જોકે વરસાદ બાદ ભેજનું પ્રમાણ વધતાં દિવસ દરમિયાન ભારે બફારાનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ સુરત જિલ્લાના 12 તાલુકા પૈકી ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ 45 મીમી વરસાદ નોંધાયો હતો.

ચાર દિવસ...

ચાર દિવસ દરમિયાન વરસાદી ગતિવિધિઓમાં વધારો થવાની સંભાવના છે. ત્યારબાદ ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સત્તાવાર રીતે પ્રવેશ કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન નિષ્ણાતોના મતે, જો સિસ્ટમ વધુ મજબૂત બનશે તો દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં આગામી સપ્તાહ દરમિયાન સારો વરસાદ નોંધાઈ શકે છે, જે ખેડૂતો તેમજ સામાન્ય જનતા માટે રાહતરૂપ સાબિત થશે.

ભાવમાં 6 ટકાનો...

થયો છે. જોકે, વરસાદથી બચવા માટે આ અનિવાર્ય હોવાથી લોકો મોંઘવારીને અવગણીને પણ ખરીદી કરી રહ્યા છે.

ડાંગમાં પહેલા જ...

દમણ, પારડી, વાપી, નવસારીમાં વરસાદે હાજરી પુરાવી હતી. પૂરતા પ્રમાણમાં વરસાદ ન વરસતા કેટલાક વિસ્તારોમાં વાવણીનું કામ અટકી પડ્યું હતું. જગનો તાત ચિંતામાં મૂકાયો હતો. તાપી જિલ્લામાં સવારે 8 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધીના 8 કલાકમાં ઉકાઈ તાલુકામાં 1.3 ઈંચ, સોનગઢમાં 0.8 ઈંચ, વાલોડમાં 0.6 ઈંચ તો વ્યારામાં 0.4 ઈંચ વરસાદ નોંધાયો હતો.

બારડોલી, માંડવી, માંગરોળ અને ઉમરપાડામાં પણ વરસાદ નોંધાતાં લોકોને ગરમીથી રાહત થઈ હતી. જ્યારે વરસાદને કારણે ખેડૂતોએ ખેતીકામમાં જોતરાવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

વરસાદી પવનમાં...

સિંગણપોર ભરીમાતા રોડ સ્થિત તાપી એન્કલેવ સોસાયટીમાં વરસાદ દરમિયાન અચાનક એક લીમડાનું વૃક્ષ ધરાશાયી થયું હતું. તે સમયે સોસાયટીમાં પાર્ક કરાયેલી બાબુભાઈ સવાણી અને સંભાજી જાદવની કારો વૃક્ષની નીચે દબાઈ ગઈ હતી. આ ઉપરાંત લાલ દરવાજા વિસ્તારના વાલ્મિકી ફળિયામાં પણ વરસાદી વાતાવરણ વચ્ચે એક વૃક્ષ ધરાશાયી થયું હતું. સ્થાનિકોએ તાત્કાલિક ફાયર કંટ્રોલને જાણ કરતાં ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી આવી હતી. કર્મચારીઓએ સુરક્ષિત રીતે વૃક્ષ હટાવી માર્ગને ફરી અવરજવર માટે ખુલ્લો કર્યો હતો.

લિંબાયત ગરનાળું...

પસાર થવા મજબૂર બન્યા હતા. પાણી ભરાઈ જતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. પાણી ભરાવાના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. સવારના પીક અવર્સ દરમિયાન જ વરસાદ પડતાં નોકરી-ધંધે જતા લોકો, રત્નકલાકારો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોનું કહેવું છે કે દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા કરવામાં આવે છે, પરંતુ પ્રથમ વરસાદમાં જ રસ્તાઓ અને ગરનાળાઓ પાણીમાં ગરકાવ થઈ જતા હોવાને કારણે કામગીરી માત્ર કાગળ પર જ સીમિત હોવાનું સ્પષ્ટ થાય છે.